દાખલ થયા તા. :- ૦૮-૧૨-૨૦૧૫
રજીસ્ટર્ડ થયા તા. :-૦૮-૧૨-૨૦૧૫
ફેંસલ થયા તા. :- ૧૧-૦૫-૨૦૧૮
સમયગાળો : વર્ષ :૦૨ માસ :૦૫ દિવસ :૦૩

---

અમદાવાદના મહે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ,નેગો.ઈન્સ્ટુ.એકટની કોર્ટ નં.૩૭, અમદાવાદ.

---

<u>ક્રિમીનલ કેસ નં.૫૭૨/૨૦૧૫</u>

આંક-૪૧

ફરીયાદી :- વિનુભાઈ ગોતાભાઈ ઠાકોર,
ઉ.વ.આ. પુખ્ત, ધર્મે : હિન્દુ,
રહે. ગામ-રોપડા, પો. ગેરતપુર,
તા.દસક્રોઈ જી. અમદાવાદ.

વિ રૂ ધ્ધ

આરોપી :- જયંતીભાઈ ગોતાભાઈ ઠાકોર,
ઉ.વ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી
રહે. ગામ-રોપડા, પો. ગેરતપુર,
તા.દસક્રોઈ જી. અમદાવાદ.

---

ગુનો :- <u>નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ.</u>

---

<u>ફરીયાદપક્ષે વિ.વ.શ્રી એન.બી.રબારી</u>

<u>આરોપીપક્ષે વિ.વ.શ્રી પી.એમ.જાદવ</u>

-:: જજમેન્ટ ::-

(૧). ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને આ કામના આરોપી ફરીયાદીના સબંધે ભાઈ થાય છે. આ કામના આરોપીએ તેઓનું અંગત દેવું વધી જતાં નવેમ્બર ૨૦૧૪ માં ફરીયાદી પાસે દેવું ચુકતે કરવા ઉછીના નાણાની માગણી કરતાં ફરીયાદીએ આરોપીને રૂા.૫,૬૫,૦૦૦/- નવેમ્બર ૨૦૧૪ માં રોકડા આપેલા અને આરોપીએ ટુંક સમયમાં આ રકમ ફરીયાદીને પરત કરી દેવાની પુરેપુરી જવાબદારી સ્વીકારેલી. ફરીયાદીને નાણાંની જરૂરીયાત ઉભી થતાં ઉછીના આપેલા નાણાંની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીની કાયદેસરની હાથઉછીની નીકળતી લેણી રકમ રૂા.૫,૬૫,૦૦૦/- નો ચેક નં.૦૦૦૦૦૧ તા.૨૨/૧૦/૧૫ ના રોજનો બેંક ઓફ ઈન્ડીયા, વટવા શાખા, અમદાવાદનો પોતાની સહી કરીને આપેલો અને જણાવેલ કે, સદરહુ ચેક બેંકમાં ભરતાં તેના નાણાં ફરીયાદીને મળી જશે તેવું જણાવેલ. જે ચેક ફરીયાદીએ આરોપીની સુચના મુજબ ફરીયાદીની બેંક, બેંક ઓફ ઈન્ડીયા, વટવા શાખામાં કલીયરીંગ અર્થે તા.૨૩/૧૦/૧૫ ના રોજ ભરતાં સદર ચેક 'પેમેન્ટ સ્ટોપ્ડ બાય ધી ડ્રોઅર' ના શેરા સાથે પરત ફરેલ છે જે અંગેની જાણ ફરીયાદીને તેઓની બેંકે તા.૦૭/૧૧/૧૫ ના રોજ કરેલ. ત્યારબાદ ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે તા.૦૯/૧૧/૧૫ ના રોજ નોટિસ તૈયાર કરી રજી.પોસ્ટ એ.ડી.થી આરોપીને મોકલેલી અને તે નોટિસ આરોપીને તા.૧૦/૧૧/૧૫ ના રોજ બજી ગયેલી

છે અને આરોપીએ ફરીયાદીની નોટિસનો તેમના એડવોકેટ મારફતે ઉધ્ધત અને ઉડાઉ જવાબ આપેલો છે પરંતુ નોટિસમાં આપેલ સમય પુરો થઈ ગયેલ હોવા છતાં આરોપીએ નોટિસ મુજબનું વર્તન કરેલ નથી કે રીટર્ન થયેલ ચેકની રકમ ચુકવી આપેલ નથી. જેથી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધી ને.ઈ. એકટની કલમ–૧૩૮ મુજબની હાલની ફરીયાદ દાખલ કરેલી છે.

(૨). આ કામના આરોપીઓને સમન્સ બજતાં તેઓ નામ.કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલી. અત્રે એ હકીકતની નોંધ લેવાની કે, સદર આંક–૧ નીચે હુકમ કરી સદર કેસ સમન્સ ટ્રાયલ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૧ હેઠળ આંક–૮ થી પ્લી નોંધી ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની કાર્યવાહી આગળ કરવામાં આવેલી.

(૩). ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૫ થી તેઓ તરફે રજુ થયેલ દસ્તાવેજોને આંક આપવા અરજી રજુ કરતા તે દસ્તાવેજોને સાહેદ તરફે સરતપાસમાં રીફર કરવામાં આવેલ છે અને પ્રોપર કસ્ટડીમાંથી રજુ થયેલ હોઈ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈને આધીન દસ્તાવેજી પુરાવાને આંકે પાડવાનો હુકમ કરવામાં આવેલ છે. આ

કામે ફરીયાદ પક્ષ તરફે તેમની ફરીયાદ હકીકતના સમર્થનમાં નીચે મુજબના લેખીત મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪). <u>ફરિયાદપક્ષે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.</u>

મૌખિક પુરાવો.

| ક્રમ | મૌખિક પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની સોગંદ ઉપરની સરતપાસની એફીડેવીટ | ૪ |

દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | અસલ ચેક નં.૦૦૦૦૦૧ | ૯ |
| ૨. | બેંક રીટર્ન મેમો અસલ | ૧૦ |
| ૩. | નોટિસની સ્થળપ્રત | ૧૧ |
| ૪. | નોટિસ રજી.એ.ડી. કર્યાની અસલ પહોંચ | ૧૨ |
| ૫. | નોટિસ બજયાની પોસ્ટલ એકનોલેજમેન્ટ | ૧૩ |
| ૬ | નોટિસનો જવાબ | ૧૪ |
| ૭ | ફરીયાદીની બેંક ઓફ ઈન્ડીયાની પાસબુકની ખરી નકલ | ૧૬ |

(૫). સદર કામમાં ફરીયાદપક્ષે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા નથી તે અંગેની આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતાં તેને રેકર્ડ કરીને ફરીયાદીનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬). ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, સહી વાળો ચેક આપેલો, વિગતો તેમણે ભરેલ નથી. ફરીયાદીએ જાતે ભરેલ છે. આરોપીએ તા.૯/૪/૧૪ ના રોજ સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે. આરોપીએ વિશેષ નિવેદનના સમર્થનમાં લેખીતમાં વિશેષ નિવેદન આપેલ છે. જે નિવેદન વંચાણે લીધું. આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી છે તથા બચાવના સાહેદ તપાસવા છે તેમ જણાવેલ છે.

આરોપીપક્ષે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

મૌખિક પુરાવો.

| ક્રમ | મૌખિક પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ નં.૧ જયંતીભાઈ ગોતાજી ઠાકોરની જુબાની | ૨૦ |
| ૨ | સાહેદ નં.૨ ખોડાભાઈ વિષ્ણુભાઈની જુબાની | ૨૪ |
| ૩ | સાહેદ નં.૩ પ્રહલાદભાઈ ગોતાજી ઠાકોરની જુબાની | ૩૨ |
| ૪ | સા.નં.૪ ગૌરવ ભરતભાઈ ઝાલાની જુબાની | ૩૩ |
| ૫ | સા.નં.૫ બુધાજી બેચરજી ઠાકોરની જુબાની | ૩૬ |

દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અને વિષ્ણુભાઈના સમજુતી કરારની ઝેરોક્ષ | ૨૭ |
| ૨. | જમીનના કબજા વગરના બાનાખતની ઝેરોક્ષ | ૨૮ |
| ૩. | ફરીયાદી વિરૂધ્ધ અસલાલી પો.સ્ટે.માં આપેલ ફરીયાદની ઝેરોક્ષ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૪. | વિષ્ણુભાઇએ અસલાલી પો.સ્ટે.માં આપેલી ફરીયાદ નહિં નોંધતાં ભુખ હડતાલ ઉપર ઉતરવાની અરજીની ઝેરોક્ષ | ૩૦ |
| ૫. | મિરજાપુર ગ્રામ્ય જયુડી.મેજી. કોર્ટમાં દાખલ કરેલ એમ કેસ નં.૧૭૧/૧૬ ની ઝેરોક્ષ. | ૩૧ |
| ૬. | સ્ટોપ પેમેન્ટનું સર્ટીફીકેટ | ૩૫ |

ત્યારબાદ સદર કામમાં આરોપીપક્ષે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા નથી તે અંગેની આંક–૩૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતાં તેને રેકર્ડ કરીને આરોપીનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી તરફે આંક–૩૮ થી લેખીત દલીલો રજુ કરેલી છે જે વંચાણે લીધી. ત્યારબાદ ફરીયાદી તરફે આંક–૩૯ થી લેખીત દલીલો રજુ કરેલી છે જે વંચાણે લીધી તથા તેની સાથે રજુ કરેલ ઓથોરીટીઓ પણ વંચાણે લીધી.

**(૭).** રેકર્ડ પરના પુરાવા ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દાઓ</u>

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮). ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૯). આ કામે મુદ્દા નં–૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નં–૧ પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરીયાદપક્ષની છે. આરોપી સામેનું ફરીયાદીનું બાકી લેણું કાયદેસરનું વસુલ થવા પાત્ર છે અને તે કાયદેસરના વસુલ કરવાપાત્ર બાકી લેણાની ચુકવણી પેટે કે બાકી લેણાંની અંશત: ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલો છે અને તે ચેક અસ્વીકૃત થયેલ છે. તેમજ તે ચેક અસ્વીકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખીતમાં સાચા અને ખરા સરનામે જાણ કરવામાં આવેલ છે. તે હકીકત ફરીયાદીએ પુરવાર કરવાની છે. આ સંદર્ભે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે પોતાની આંક–૧ વાળી ફરીયાદ હકીકતના સમર્થનમાં આંક–૪ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે ફરીયાદવાળો અસલ ચેક, ચેક રીટર્ન મેમો, નોટીસની કોપી, આરોપીને નોટિસ રજી. પોસ્ટ એ.ડી. કર્યાની પહોંચ, એકનોલેજમેન્ટ, આરોપીએ મોકલેલ જવાબ રજુ કરેલા છે. અત્રે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરેલ જોગવાઈઓ મુજબ ફરીયાદીએ હાલના કામે જે આવશ્યક તત્વો સાબિત કરવાના છે તે જોતાં ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ચેકમાં લખેલ તારીખે અથવા ચેકની વેલીડીટી પીરીયડમાં કે બે માંથી જે વહેલું હોય તે પ્રમાણે રજુ કરી

દેવો જોઈએ. તેના અનુસંધાનમાં હાલના કામનો પુરાવો વંચાણે લેતાં ફરીયાદવાળો તકરારી ચેક આંક–૯ તારીખ–૨૨/૧૦/૧૫ ના રોજનો છે. આ ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં તા.૨૩/૧૦/૧૫ ના રોજ રજુ કરતાં તે ચેક 'પેમેન્ટ સ્ટોપ્ડ બાય ધી ડ્રોઅર' ના શેરા સાથે તા.૭/૧૧/૧૫ ના રોજ પરત ફરેલ છે. જે અંગેનો રીટર્નમેમો આંક–૧૦ થી રજુ છે.

ચેક ધારણ કરનાર અથવા જે વ્યકિતના નામનો ચેક છે તેણે ચેકની રકમની માંગણી ચેક પરત ફર્યાની જાણ તેઓને થાય તેના ૩૦(ત્રીસ) દિવસમાં લેખીતમાં ચેક આપનાર વ્યકિત પાસે કરવી જોઈએ. આ કામે ફરીયાદવાળો આંક–૯ વાળો ચેક પરત ફર્યા બાદ તે અંગેની ચેકના નાણાની માંગણી કરતી નોટીસ ફરીયાદ પક્ષે આરોપીને રજી.એ.ડી. ધ્વારા તારીખ–૦૯/૧૧/૧૫ ના રોજ મોકલેલ છે. જે નોટીસની ઓફીસ કોપી આંક–૧૧ થી રજુ છે. આમ, ફરીયાદવાળો ચેક પરત ફર્યાની તારીખથી ૩૦(ત્રીસ) દિવસમાં ફરીયાદીએ આરોપીને ચેક પરત ફર્યાની જાણ લેખીતમાં કરી ચેકની રકમ ની માંગણી કરેલ છે તે હકીકત ફલીત થાય છે. તે પ્રમાણે નોટીસ મળી ગયેલાના પંદર દિવસમાં ચેક આપનારે ચેકની રકમ ચેક ધારણ કરનાર અથવા ચેકમાં લખેલ નામવાળી વ્યકિતને ચુકવી દેવી જોઈએ. જયારે હાલના કામે ફરીયાદીએ આંક–૧૧ વાળી નોટિસ આરોપીને મોકલેલી જે આરોપીને મળી ગયેલી છે જે અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ આંક–૧૩ થી રજુ થયેલી છે. આમ, આરોપીને નોટીસ મળ્યાના ૧૫(પંદર) દિવસની

અંદર રેકર્ડ મુજબ આરોપી ધ્વારા ડીમાન્ડ નોટીસ મુજબની કોઈ રકમ ફરીયાદીને ચુકવી આપેલાની હકીકત રેકર્ડ ઉપર નથી. આમ, ઉપરોકત તમામ પુરાવાઓના આધારે એ હકીકત સાબિત થાય છે કે, ફરીયાદીએ કલમ–૧૩૮ ની તમામ આવશ્યક જોગવાઈઓનું પાલન કરેલ છે.

(૧૦). હાલના કામે ફરીયાદ પક્ષે ધી ને.ઈ.એકટની કલમ ૧૩૮ મુજબના તમામ આવશ્યક તત્વો સાબીત કરેલા છે. આ સંજોગોમાં કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. એટલે કે, તકરારી ચેક કાયદેસરના દેવા પેટે ફરીયાદીએ મેળવ્યો હશે તે અંગેનું અનુમાન અદાલતે કરવાનું હોય છે. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે રંગઅપ્પા વિરૂધ્ધ મોહનના કેસમાં ઠરાવ્યા મુજબ આ અનુમાનનું ખંડન થઈ શકે છે. એટલે કે, કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન આરોપી પક્ષ કરી શકે છે અને તેના માટે આરોપી પક્ષે કોઈ પુરાવો આપવાની કે જાતે વિટનેશ બોક્ષમાં હાજર થઈને સોગંદ ઉપર જુબાની આપવાની જરૂર નથી. પરંતુ ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં જે કોઈ પુરાવો રજુ કરેલો હોય તેના આધારે મજબુત શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવાની છે . આમ, ફરીયાદ પક્ષે જે કોઈ પુરાવો રજુ કરેલો હોય તે પુરાવાના અનુસંધાને આરોપી પક્ષ તેનું ખંડન કરવામાં સફળ થાય તો તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવાનો હોય છે એટલે કે, કલમ–૧૩૮ માંના તમામ આવશ્યક તત્વો સાબીત કરીને તકરારી ચેક આરોપીએ કાયદેસરના દેવા પેટે

આપેલા હતો તે હકીકત ફરીયાદ પક્ષે સાબીત કરવાની રહે છે. આમ, ઉપરોકત જે હકીકતો છે તેના અનુસંધાનમાં હાલના કામે ફરીયાદ પક્ષે જે કોઈ પુરાવો રજુ કર્યો છે તે તથા તેના અનુસંધાને આરોપી પક્ષે બચાવ લીધેલો છે તે જોતાં આરોપીએ મુખ્યત્વે બચાવ લીધેલો છે કે, તેઓએ ફરીયાદી પાસેથી કોઈ નાણા લીધેલા નથી આ કામના ફરીયાદી તથા આરોપી સગા ભાઈઓ થાય છે અને તેઓની વડીલોપાર્જીત જમીન આવેલી તે પૈકી બે વીઘા જમીન સને-૨૦૧૫ માં વેચાણ થતા ફરીયાદીએ આરોપી તથા તેઓના અન્ય ભાઈઓને કહેલ કે તેઓએ જમીન વેચાણ કરેલી હોય અન્ય જમીન વેચાણ રાખવી પડે તેમ કહી ગામ-રુદણ તા.-મહેમદાવાદ ખેડા જીલ્લામાં જમીન રાખવાનુ કહી દરેક ભાઈ પાસેથી એક-એક લાખ રૂપિયા તથા સહી કરેલો કોરો ચેક લીધેલો પરંતુ ત્યારબાદ ફરીયાદીએ આવી કોઈ જમીન વેચાણ રાખેલી નહી અને આરોપીએ તથા તેઓના અન્ય ભાઈઓએ આ તમામ કામગીરી કરવાનો અધિકાર ફરીયાદીને આપેલો તેનો ફરીયાદીએ દુરૂપયોગ કરી ખોટો કેસ કરેલો છે. જયારે ફરીયાદીએ તેઓની આંક-૪ વાળી ઉલટતપાસમાં આરોપીના ઉપરોકત બચાવનો અંશત: ઈન્કાર કરીને તેઓના પુરાવાને સમર્થન કરતો પુરાવો રજુ કરેલો છે. આમ ફરીયાદીએ તેઓની આંક-૪ વાળી ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલી છે કે એ વાત ખરી છે કે રોપડ ગામમાં અમારી વડીલોપાર્જીત જમીન આવેલી છે .એ વાત ખરી છે કે, બે વીઘા જમીન વેચવાનું નકકી કરેલ. એ વાત ખરી છે કે આ જમીન તારીખ-૯/૧૨/૨૦૧૪ ના રોજ જગદીશભાઈને

વેચાણ આપેલી. આમ અત્રે એ હકકીત નિર્વિવાદીત બને છે કે હાલના ફરીયાદી અને આરોપી સગા ભાઈ થાય છે અને તેઓની વડીલોપાર્જીત જમીન પૈકી બે વીઘા જમીન વેચાણ કરવામાં આવેલી હતી. જયારે હાલના કામે ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતાં તેઓના જણાવ્યા મુજબ તેઓએ આરોપીને હાથ ઉછીના નાણા આપેલા હતા અને બીજી તરફ આરોપીએ જે બચાવ લીધેલો છે તેનો ફરીયાદીએ અંશત: સ્વીકાર કરેલો છે.વધુમાં ફરીયાદપક્ષે કલમ–૧૩૮ ના તમામ આવશ્યક તત્વોનુ તેઓને પાલન કરેલ છે તે હકીકત સાબિત કરેલ છે. આમ અગાઉ ચર્ચા કરી તેમ તકરારી ચેક દેવાની જવાબદારી પેટે ફરીયાદીએ મેળવેલો હશે તેવુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ રહે છે.પરંતુ આરોપીએ જે બચાવ લીધેલો છે તેના અનુસંધાનમાં પુરાવો વંચાણે લેતાં તકરારી ચેક આરોપીનો નથી કે તેમાં આરોપીની સહી નથી તેવો આરોપીનો બચાવ નથી પરંતુ તકરારી ચેક ફરીયાદમાં બચાવેલા વ્યવહાર પેટે આપવામાં આવેલો ન હતો તેવો આરોપીનો બચાવ છે. તેના અનુસંધાનમાં પુરાવો વંચાણે લેતાં ફરીયાદીએ તેઓની ઉલટતપાસના પાન નં.૬ ઉપર જણાવેલ છે કે '' વીષ્ણુભાઈ મારા મોટા ભાઈ થાય છે એ વાત ખરી છે કે વીષ્ણુભાઈ સાથે મેં કનીજ ગામમાં અઢી વીઘા જમીન લેવા સમજુતિ કરાર કરેલ. એ વાત ખરી છે કે તે જમીનનું બાનાખત મારા નામે કરેલ. એ વાત ખરી છે કે વિષ્ણુભાઈએ મારી સામે મીરઝાપુર કોર્ટમાં કેસ કરેલ.'' ઉપરોકત પુરાવાને આરોપી તરફેના સાહેદ ખોડાભાઈ વિષ્ણુભાઈ ગોતાજીએ તેઓની આંક–૨૪ વાળી જુબાનીમાં સમર્થન કરેલ છે. આમ,

ઉપરોકત પુરાવાના આધારે એ હકીકતને સમર્થન મળે છે કે, હાલના ફરીયાદીને તેઓના અન્ય ભાઈ સાથે પણ તકરાર થયેલી છે. વધુમાં અત્રે એ હકીકત પણ નોંધવી અનિવાર્ય છે કે હાલના ફરીયાદીએ હાલના આરોપી સિવાય તેઓના અન્ય એક ભાઈ સામે પણ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ આ અદાલતમાં કરેલી છે અને ફરીયાદીએ તેઓની ઉલટતપાસના પાના નં.૫ ઉપર એ હકકીત જણાવેલી છે કે '' ૫.૬૫ લાખ મેં એક સાથે રોકડા આપેલા એ વાત ખરી છે કે નવેમ્બર–૨૦૧૪ માં પ્રહલાદભાઈને પણ ૫.૫૦ લાખ રોકડા આપેલા. આટલી મોટી રકમ જમીન વેચાણ થયેલી તેમાંથી મેળવેલી.'' વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે '' હું ખેત મજુરી કામ કરુ છું ખેત મજુરીમાં દૈનીક ૨૦૦–૩૦૦ રુપિયા મજુરી મળે અને મારુ ઘર ચાલે છે''. આમ ઉપરોકત પુરાવાના આધારે એ હકકીત ફલીત થાય છે કે ફરીયાદીએ નવેમ્બર–૨૦૧૪ માં હાલના આરોપીને રૂપિયા ૫,૬૫,૦૦૦/– તથા પ્રહલાદભાઈને રૂા.૫,૫૦,૦૦૦/– આપેલા હતા. હવે ફરીયાદીએ આટલી મોટી રકમ કયાંથી લાવ્યા તે અંગે જે ખુલાસો કરેલો છે તેના અનુસંધાનમાં તેઓને કોઈ પુરાવો રજુ કરેલો નથી. વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે તેઓએ આ તમામ નાણાં રોકડા આપેલા પરંતુ આ નાણા તેઓએ કેવી રીતે એકઠા કર્યા તે અંગેનો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ કરેલો નથી. વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે તેઓએ આ તમામ નાણાં રોકડા આપેલા પરંતુ આ નાણા તેઓને કેવી રીતે એકઠા કર્યા તે અંગેનો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ કરેલો નથી. એટલે કે,

ફરીયાદીએ તેઓની કઈ જમીન વેચાણ આપેલી તેમાંથી આ નાણાં મળેલા તેવો કોઈ પુરાવો આ કામે ફરીયાદીએ રજુ કરેલો નથી. વધુમાં ફરીયાદીએ આ નાણાં કોઈ બેન્કમાંથી ઉપાડેલા હોય તેવું પણ બનેલ નથી. આમ,કોઈ ખેતમજુરી કરનાર વ્યકિત કે જેની રોજની આવક ૨૦૦–૩૦૦ રૂપીયા હોય તે એકજ મહીનામાં રોકડા રૂા.૫,૬૫,૦૦૦/– અન્ય વ્યકિતને આપે તે સામાન્ય રીતે માની શકાય નહિં. આમ, અત્રે એ હકીકત નિર્વિવાદીત છે કે તકરારી ચેક આરોપીના ખાતાનો છે તેમાં આરોપીની સહી આવેલી છે પરંતુ આ ચેક ફરીયાદીના જણાવ્યા મુજબ ફરીયાદમાં જણાવેલા વ્યવહાર પેટે આરોપીએ આપેલો તેના અનુસંધાને આરોપીએ જે બચાવ લીધેલો છે તેનાથી એ હકીકત બીનતકરારી બને છે કે, હાલના કામના ફરીયાદી અને આરોપી તથા ફરીયાદી અને તેઓના અન્ય ભાઈઓ વચ્ચે તેઓની વડીલોપાર્જીત જમીન બાબતે તકરાર થયેલી છે અને તેઓએ એકબીજા સામે કાયદેસરની કાર્યવાહી કરેલી છે. વધુમાં ફરીયાદીએ તેઓની ઉલટતપાસમાં એ હકીકત પણ સ્વીકારેલી છે કે એક વીઘાનો ભાવ પર.૭૫ લાખ નકકી કરેલો તથા બે વીઘા જમીનનો ભાવ એક કરોડ પાંચ લાખ પચાસ હજાર થાય અને આ જમીન તારીખ–૯/૧૨/૨૦૧૪ ના રોજ વેચાણ કરવામાં આવેલી છે હવે આ જમીન વડીલોપાર્જીત હોય તેવા સંજોગોમાં તેના વેચાણમાંથી આવેલી તમામ રકમની વહેંચણી થાય તે પણ માની શકાય તેમ છે અને ફરીયાદીએ આરોપીને નાણાં આપવાના હતા તે હકકીતનો ફરીયાદીએ ઈન્કાર કરેલો છે. આમ, આ કામના પક્ષકારોની વડીલોપાર્જિત

મિલકત તા.૦૯/૧૨/૧૪ ના રોજ વેચાણ કરવામાં આવેલ છે જયારે ફરીયાદીએ તેઓના પુરાવામાં જણાવ્યા મુજબ તેઓએ નવેમ્બર ૨૦૧૪ માં આરોપીને નાણા આપેલા અને આ નાણાં જમીન વેચાણ થઈ તેમાંથી આપેલા, તો તે હકીકત માની શકાય નહિં કેમ કે, તેઓની મિલ્કત ડિસેમ્બર મહીનામાં વેચાણ કરેલ છે અને ફરીયાદીની તથા આરોપીની વડીલોપાર્જીત મિલકત છે તે સિવાય ફરીયાદીની અન્ય મિલકત આવેલી છે તેવો કોઈ પુરાવો ફરીયાદીએ રજુ કરેલો નથી. આમ ફરીયાદીના પુરાવાના અનુસંધાનમાં આરોપીએ જે કોઈ બચાવ લીધેલો છે તેનાથી તેઓ શંકા ઉત્પન્ન કરવામાં સફળ રહેલ છે અને આવા સંજોગોમાં ફરીયાદીનું આરોપીની પાસે કાયદેસરનુ લેણું બાકી હતું તે હકીકત સાબિત કરવાની જવાબદારી ફરીયાદીના શીરે રહે છે પરંતુ ફરીયાદીએ તેઓની ફરીયાદમાં બતાવ્યા મુજબના વ્યવહાર પેટેના નાણા આરોપીને આપેલા હતા તેના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલો નથી. આમ ફરીયાદીએ જે પુરાવો રજુ કરેલો છે તેના અનુસંધાનમાં આરોપી ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં સફળ રહેલ છે તેમ ફલીત થાય છે.

**(૧૧).** ફરીયાદી તરફે તેઓની દલીલના સમર્થનમાં ૧. લોઝ (કેરાલા) ૨૦૧૧ ૨ ૧૪૮ (કેરાલા હાઈકોર્ટ) ગોપીનાથકુરૂપ વિ. સ્ટેટ ઓફ કેરાલાનો ચુકાદો રજુ કરેલો છે જે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો સાથે માનસહ સહમત છું પરંતુ આ કેસની હકીકત અને ચુકાદાની હકીકત અલગ હોઈ આ કેસને લાગુ પાડી શકાય તેમ નથી.

૨. લોઝ (કેરાલા) ૨૦૧૧ ૭ ૩૨ (કેરાલા હાઈકોર્ટ) કે.દિનેશન વિ. પી.કે.

નારાયણનનો ચુકાદો વંચાણે લીધો. પરંતુ હાલના કામે આરોપી પક્ષે તેઓને નોટિસ મળેલી નથી તેવો કોઈ બચાવ લીધેલો નથી આ સંજોગોમાં ઉપરોકત જજમેન્ટ ફરીયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી તેવું મારુ નમ્રપણે માનવું છે.

૩. લોઝ (મદ્રાસ) ૨૦૧૧ ૩ ૭૬૯ (મદ્રાસ હાઈકોર્ટ) આર. રાજુ વિ. કે. સીવાસામીના ચુકાદામાં નીચેની બંને કોર્ટે સજા કરી વડી અદાલતે પણ સજા કરી પરંતુ વડી અદાલત માન્ય રાખેલ છે પરંતુ વડી અદાલતે નોંધેલ છે કે આરોપીએ તેઓના રીબર્ટલ પુરાવાના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલો નથી જેથી નામદાર વડી અદાલતે ટ્રાયલ અદાલતના ચુકાદાને કાયમ રાખેલો પરંતુ જયારે હાલના કામે આરોપીએ જે કોઈ બચાવ લીધેલો છે તેનો અંશતઃ ફરીયાદીએ સ્વીકાર કરેલો છે. આમ, આરોપી તેઓના બચાવના સમર્થનમાં પ્રોબેબલ ડીફેન્સ રજુ કરવામાં સફળ થયેલ હોય જયારે રેકર્ડ ઉપરના પુરાવાના આધારે કાયદેસરનું દેવું અસ્તિત્વમાં છે તે હકીકત સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલા છે જેથી ઉપરોકત જજમેન્ટ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઈ શકતું નથી તેવું મારુ નમ્રપણે માનવું છે.

૪. લોઝ (આન્ધ્રપ્રદેશ) ૨૦૦૪ ૧૦ ૧૦૬ (આન્ધ્રપ્રદેશ હાઈકોર્ટ) વી.મુનીક્રિષ્નન વિ. સી. જાનકીરામા નાયડુના કેસમાં ટ્રાયલ કોર્ટે નિર્દોષ ઠરાવ્યા અને અપીલમાં વડી અદાલતે સજા કરી અને કલમ-૧૩૯ નુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય અને આ અંગેનો રીબર્ટલ પુરાવો આરોપીએ રજુ કરવાનો હોય હાલના જજમેન્ટ વાળા

કેસમાં આરોપી પક્ષ રીબર્ટલ પુરાવો આપવામાં નિષ્ફળ ગયેલ હોય નામદાર વડી અદાલતે આરોપીને કલમ ૧૩૮ ના ગુના હેઠળ તકસીરવાર ઠરાવેલ પરંતુ હાલના કેસમાં આરોપી પક્ષ ફરીયાદીની તરફેણમાં જે અનુમાન કરવાનું છે તેમાં રેકર્ડ ઉપરના પુરાવાના આધારે સફળ થયેલ ન હોય ઉપરોકત જજમેન્ટ આ કેસને લાગુ પાડી શકાય તેમ નથી તેવું મારુ નમ્રપણે માનવું છે.

વધુમાં ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માંનુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે એટલે કે, તકરારી ચેક ફરીયાદીએ કોઈ દેવા કે અન્ય જવાબદારી પેટે મેળવેલો હશે તેવું અનુમાન કરવાનુ છે પરંતુ આ અનુમાનનું ખંડન થઈ શકે છે અને જો આરોપી પક્ષ આ અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો આરોપી પાસે ફરીયાદીનું લેણું હતું તે સાબીત કરવાનો બોજો ફરીયાદીના શિરે છે પરંતુ હાલના કામે આરોપી પક્ષ ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં સફળ થયેલ છે ત્યારે ફરીયાદી તેઓના કેસના સમર્થનમાં પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવા સંજોગોમાં ઉપરોકત કલમ–૧૩૯ માંનુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરી શકાય નહીં.

આમ, ઉપર મુજબ કરેલ ચર્ચા પ્રમાણે મુદા નં.–૧ નો જવાબ હું નકારમાં

આપીને મુદા નં.–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**<u>–: હુ ક મ :–</u>**

હાલના કામે આરોપી જયંતીભાઈ ગોતાભાઈ ઠાકોર, રહે. ગામ–રોપડા, પો. ગેરતપુર, તા.દસક્રોઈ જી. અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) મુજબ ધી નેગો.ઈ.એકટ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં નિર્દોષ ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ જો હાલના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં તેઓની હાજરી ચોકકસ થાય તે હેતુથી આરોપીએ રૂ.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

હુકમ આજ રોજ તારીખ–૧૧ માહે મે સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ–૧૧/૦૫/૨૦૧૮
અમદાવાદ.

**(મેહુલ દેવદાસભાઈ પરમાર)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**ને.ઈ.એ.ની કોર્ટ–૩૭ અમદાવાદ.**
**જીજે–૦૧૦૩૬**

J.F.Sindhi P.A.